Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ


ફાગણ

પુસ્તક ૭૨ મું
અંક ૫ મો
૧૦ મી માર્ચ

વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨
ઈ. સ. ૧૯૫૬


श्री जैनधर्म प्रसारक सभा

माणुस्सं विग्गहं लध्धुम्,
सुई धम्मस्स दुल्लहा।
जं सुच्चा पडिवज्जंति,
तवं खंतिमहिंसयं ॥ ८ ॥

આહચ્ચ સવણં લધ્ધું,
સદ્ધા પરમદુલ્લહા।
સોચ્ચા નેઆઉઅં મગ્ગં,
बहवे परिभस्सई ॥ ९ ॥

મનુષ્ય ભવ પ્રાપ્ત કરીને પણ સત્યધર્મનું શ્રવણ કરવું દુર્લભ છે કે જે ધર્મને સાંભળવાથી ભવ્ય જીવો અનશનાદિક બાર પ્રકારના તપને, ક્રોધના નાશરૂપ ક્ષમાને તેમજ અહિંસકપણાને અંગીકાર કરે છે.

કદાચિત ધર્મ-શ્રવણ પણ થઈ જાય, છતાં તે ધર્મ પર રુચિ થવી-શ્રદ્ધા પ્રગટવી તે અત્યંત દુર્લભ છે, કારણ કે ન્યાયયુક્ત સમ્યગ્દર્શનાદિ માર્ગને સાંભળ્યા છતાં પણ જમાલિની માફક ઘણા જીવો પતિત થાય છે.

—શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર, અધ્ય. ૩, શ્લો. ૮-૯


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૭૨ મું :: વાર્ષિક લવાજમ ૩-૪-૦ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | રૈવતાચલમંડન શ્રી નેમિનાથ જિન સ્તવન .... | (મુનિરાજ શ્રી ભાસ્કરવિજયજી) | ૪૯ |
| ૨ | શ્રી સિદ્ધચક્રજી સ્તવન .... .... .... | (મુનિરાજ શ્રી મનમોહનવિજયજી) | ૫૦ |
| ૩ | બોધક દુહા .... .... .... .... | (મુનિરાજ શ્રી રુચકવિજયજી) | ૫૦ |
| ૪ | સમુદ્ર-વહાણુ સંવાદ : : ૨ .... | (પં. શ્રી ધુરન્ધરવિજયજી ગણિવર્ય) | ૫૧ |
| ૫ | પ્રશ્નપદ્ધતિ : : ૫ .... .... | (અનુ૦ આ. શ્રી વિજયમહેન્દ્રસૂરિજી) | ૫૪ |
| ૬ | સ્થાપના .... .... .... | (શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર") | ૫૬ |
| ૭ | લોભ સર્વ અનર્થોની ખાણુ છે .... .... | (મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી) | ૫૮ |
| ૮ | જિનદર્શનની તૃષા .... .... | (ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા) | ૬૨ |
| ૯ | પારિભાષિક શબ્દ-વિવરણ .... .... | (શ્રી ડાહ્યાભાઈ મોતીચંદ વકીલ) | ૬૪ |


## ગ્રાહક બંધુઓને

ગતાંકમાં જણાવ્યા પ્રમાણે સં. ૨૦૧૧ તથા સં. ૨૦૧૨ બે વર્ષનું લવાજમ રૂા. ૬-૮-૦ તથા ભેટપુસ્તક "પ્રાતઃસ્મરણ અને સ્નાત્રપૂજા"ના વી. પી. પોસ્ટેજના ૦-૧૦-૦ મળી રૂા. ૭-૨-૦નું વી. પી. આપને કરવામાં આવેલ છે તો વી. પી. સ્વીકારી લેવા અને લક્ષદોષથી કે શરતચૂકથી પાછું ન ફેરવવા વિજ્ઞપ્તિ છે.

## વાર્ષિક સભાસદ બંધુઓને

આપની પાસે સં. ૨૦૧૧ તથા સં. ૨૦૧૨ બે વર્ષની સભ્ય ફી રૂા. ૬-૮-૦ લેણા પડે છે તો ભેટપુસ્તકના પોસ્ટેજના ૦-૨-૦ મળી કુલ રૂા. ૬-૧૦-૦ આપ મનીઓર્ડરથી મોકલી આપશો, જેથી ભેટપુસ્તક આપને મોકલી આપવામાં આવશે. આપનું મનીઓર્ડર નહીં આવે તો સભ્ય-ફી વસુલ કરવા માટે ભેટપુસ્તકનું વી. પી. કરવામાં આવશે, જે સ્વીકારી લેવા વિજ્ઞપ્તિ છે.


### અભ્યાસ વર્ગ

આપણી સભામાં અભ્યાસ વર્ગ ચાલતો હતો તે વચ્ચે પૂ. મુનિરાજ શ્રી જંબૂવિજયજીના જાહેર પ્રવચનોને કારણે બંધ રહેલ, તે હવે દર રવિવારે બપોરના સાડાચાર કલાકે શરૂ કરવામાં આવેલ છે, જે સમયે શ્રી આનંદઘનજી-ચોવીશી પર વિવેચન કરવામાં આવે છે.

### જન્મદિન

આપણી સભાના પ્રમુખ, જાણીતા ઉદ્યોગપતિ શ્રીયુત ભોગીલાલભાઈ મગનલાલના પોષ વદિ ૭)) ના રોજ જન્મદિન પ્રસંગે સભાની વિવિધ સંસ્થાઓ, સ્નેહીઓ, શુભેચ્છકો અને મિત્રવર્ગ તરફથી હારતોરા એનાયત કરી તંદુરસ્તીભર્યું દીર્ઘાયુષ ઇચ્છવામાં આવ્યું હતું.

For Private And Personal Use Only




પુસ્તક ૭૨ મું
અંક ૫

ફાગણ

વીર સં. ૨૪૮૨
વિ. સં. ૨૦૧૨

રૈવતાચલમંડન

## શ્રી નેમિનાથ જિન સ્તવન

(રાગ—પ્રથમ જિનેશ્વર પ્રણમીએ)

નેમિ જિનેશ્વર નિત્ય નમો, બ્રહ્મચારી ભગવંત;
લગ્નમાં જેણે ત્યાગી રાજુલ નારને, અતિશય મહિમાવંત. નેમિ૦ ૧

ત્રણ કલ્યાણક ગિરનારમાં, યાદવ કુળ અભિરામ;
માત શિવાદેવી નંદ તે શારદ ચંદલો, જેણે જીત્યો કામ. નેમિ૦ ૨

સમુદ્રવિજય કુલ સોહામણો, સહસ વરસનું આય;
દશ ધનુષ્યની દેહ સૌરીપુર નયરી ધણી, શ્યામ વરણ તસ કાય. નેમિ૦ ૩

કાર્તક વદી બારસ દિને, ચવીયા શ્રી જિનરાય;
જન્મ તે ઉત્તમ માસ શ્રાવણ શુદી પંચમી, સેવે સુરનર પાય. નેમિ૦ ૪

શ્રાવણ શુક્લ છઠ્ઠે વળી, દીક્ષા વરે જિનભાણ;
આસો અમાસે પ્રભુજી સહેસાવને, પામ્યા કેવળનાણ. નેમિ૦ ૫

અષાડ શુદી આઠમ પંચમ ટુંકે, પામ્યા પદ નિર્વાણ;
રાજુલ નારીને પણ તારી તુમે પ્રભુ, નવ ભવ નેહે સુજાણ. નેમિ૦ ૬

એમ અમને પણ તારજ્યો, સાંભળી અમ અરદાસ;
વિજય ધર્મ ભક્તિ કંચન પસાયથી, થાય ભાસ્કર પ્રકાશ. નેમિ૦ ૭

—મુનિરાજશ્રી ભાસ્કરવિજયજી

## શ્રી સિદ્ધચક્રજી સ્તવન

(ધન ધન વો જગમેં નરનાર સિદ્ધાચલકે જાનેવાલે–દેશી)

ધન ધન ગૌતમ ગુરુ ગણધાર, સિદ્ધચક્ર મહિમા બતાનેવાલે,
રાજગૃહી નગરીમાંહિ, ગુરુ ગૌતમ પધાર્યા ત્યાંય;
વંદન કાજે સહુ જન જાય, દુષ્ટ કર્મ ખપાનેવાલે. ધન ધન. ૧

રાય શ્રેણિક વંદન કાજ, આવે ચતુરંગી સેના સાજ;
ભવી જીવ સાધુ મહારાજ, આતમ ધર્મ જ્ઞાન બઢાનેવાલે. ધન ધન. ૨

દેશના દિયે ગુરુરાય, સિદ્ધચક્રતણા ગુણ ગાય;
પ્રશ્ન પૂછે શ્રેણિકરાય, કોણ હૈ કર્મ ખપાનેવાલે. ધન ધન. ૩

ઉત્તર દિયા શ્રી ગણધાર, મયણા શ્રી શ્રીપાળકુમાર;
સિદ્ધચક્રસે ભવપાર, મુક્તિપુરીકો જાનેવાલે. ધન ધન. ૪

આશ્વિન ચૈત્ર શુકલમાસ, આરાધન દિન હૈ તાસ;
નવ દિનકી કરણી ખાસ, આતમજ્યોતિ જગાનેવાલે ધન ધન. ૫

સાતમસે પૂર્ણિમા દિન, તપ ધ્યાનમેં રહેના લીન;
ક્રૂર કર્મ હોવે સબ ક્ષીણ, કુગતિ લે જાનેવાલે. ધન ધન. ૬

ગુરુગમસે વિધિ વિચાર, વિનયવંત, હૃદયમેં ધાર;
તપધ્યાનસે મુક્તિ લાર, જન્મ મરણ ફેગાનેવાલે. ધન ધન. ૭

સિદ્ધચક્રજીકા ધ્યાન, ધરે ભવિજન કરી બહુમાન;
કૃપા કરો શ્રી ભગવાન, શિવપુરીમેં રહેનેવાલે. ધન ધન. ૮

મનોહર સદ્‌ગુરુરાય, વિમલેશ્વર ચક્રેશ્વરી માય;
મનમોહન પ્રણમે પાય, સિદ્ધચક્ર ગુણકે ગાનેવાલે. ધન ધન ૯

—મુનિરાજશ્રી મનમોહનવિજયજી

## બોધક દુહા

મોહ તિમિરમાં ત્યાં સુધી, ભ્રમણ કર્યું દુઃખદાય;
નિજ સ્વરૂપને જ્યાં સુધી, જાણે નહિ સુખદાય. ૧

રાગ સમૂહ જ્યાં વિસ્તરે, જ્ઞાન જ નહિ સુજાણ;
તરણિ ઉદયે કિમ રહે, અંધકાર સતિમાન. ૨

દુઃખ સંસાર સમું નહિ, ઔષધ સદ્‌વિચાર;
અશરણ આદિ ભાવના, સદ્‌વિચાર વિચાર. ૩

નિર્વિકાર સુખ પામવા, સાધન સેવો વ્રત;
ધુર કહ્યું બ્રહ્મ જ સદા, નિરવદ્ય પવિત્ર. ૪

સાધન સંરક્ષણ કહ્યું, આરાધનનું અંગ;
સેવન દ્વિતયની ધરું, નિર્વિકાર સુખ સંગ. ૫

મુનિરાજશ્રી રુચકવિજયજી

# સમુદ્ર–વહાણ સંવાદ

લેખાંક : (૨)

લેખકઃ–પં. શ્રી ધુરંધરવિજયજી ગણિવર્ય

વહાણના વચન સાંભળીને સાગરે તેને જવાબ આપ્યો કે–તું આવા હલકા બોલ શા માટે બોલે છે? મારી ચિંતા તું શાને કરે છે? તું નિર્ગુણ અને નિષ્ઠુર છે! જે પોતાના કાંઇ પણ પ્રયોજન વગર પારકી ચિંતા કરે છે તેઓ પારકે દુઃખે–દુઃખી રાત-દિવસ દુઃખી થાય છે.

વહાણે કહ્યું:–સાગર! સાંભળો. જગમાં જેઓ ચતુરસુજાણ અને ગુણવાન છે તેઓ બીજાને હિત–શિખામણ આપે છે, એ તાંત છે એમ માનતા નથી. પારકાની દ્રાક્ષને ગધેડો ચરતો હોય અને તે સુજન-ના જોવામાં આવે તો તેમાં કાંઇ તેનું નુકશાન થતું નથી, પણ અનુચિત થતું નીરખીને જોનારનું મન દુભાય છે.

વહાણના વચન સાંભળીને સાગર ગર્જ–ગર્જના કરતો કહેવા લાગ્યો. પોતાનો મદ વ્યાજબી છે, ગર્વ કરવા જેવી પોતાની પાસે પરિસ્થિતિ છે એમ કહી તેણે પોતાની સમૃદ્ધિ વગેરે ગાઇ બતાવી.

સિદ્ધપુરુષો, દેવો અને વિદ્યાધરો પોતાના (સમુદ્રના) ગુણ ગાય છે. સોના–રૂપાની ખાણો સાગર-માં છે, અન્તરદ્વીપો મારી પાસે છે. અનેક પ્રકારની ઔષધિઓનો હું ભંડાર છું. મારે કાંઠે તાલ–તમાલ આદિ ગણી ગણાય નહિં એટલી કિંમતી વનરાજી વિરાજે છે. પરવાળા એ મારી પેદાશ છે. સોનામથી લંકાનું રક્ષણ મારે આભારી છે. મૈનાકને મેં બચાવ્યો છે. વિષ્ણુ શેષનાગની શય્યા કરીને મારે ત્યાં પોઢયા છે.હે વહાણ! તું ભારે ગણાતો હો તો તે પણ મને આભારી છે. બાકી તો તું એટલો હલકો છે કે એક પવનને ઝપાટે ગડથલીઆં ખાતું ડોલી જાય છે. તું હલકો છે. તારું પેટ હલકું છે. તને મારી મોટાઇની શી ખબર પડે? મોટાના ગુણ તો મોટા જાણે. હલકાને તો એ હલકું લાગે. ભણતાં કેવો શ્રમ પડે છે એ તો ભણતો હોય તે જાણે, મૂરખને તેની શી ખબર પડે? પ્રસવની વેદના વાંઝણી અનુભવી શકે નહિં.

સમુદ્ર અને વહાણની આ સામસામી ઉક્તિ–પ્રત્યુક્તિઓ ચાર દુહા સહિત બીજી ઢાળમાં આવે છે.

સમુદ્રને વહાણ ઉત્તર આપે છે–જે ઉત્તર આપે છે તે છ દુહા સહિત ત્રીજી ઢાળમાં કહ્યું છે–

હે સાગર! તમે કહ્યું એ બધું બીજાને તમારી મહત્તા ઠસાવી દે એવું છે પણ મારી પાસે તો એ તમારું કથન મા પાસે મોસાળનું વર્ણન કરવા સમાન છે. સરસ્વતીને શાસ્ત્રની વાત અને સુરેન્દ્રને દેવોની સ્થિતિ જેમ અજાણી હોતી નથી તેમ મારાથી તમારું કાંઇ છુપું નથી. તમે કેવા છો એ હું બરાબર જાણું છું. તમારા ગુણોનો વિસ્તાર અમને આભારી છે. હું તો તમારા દોષોનું ઢાંકણ છું. તેમાં તમે આટલા બધા ફુલાઇ શું ગયા! તમારી સાથે સંભાષણ એ તો કેવળ કંઠશોષ કરવા જેવું છે. સજ્જનના સહવાસથી અવગુણ પણ ગુણરૂપ થઇ જાય છે. ચન્દ્રના સહવાસે શ્યામ–હરણ પણ દીપે છે. ગુણ કરનાર પર અવગુણ કરે એ તો દુર્જન છે. નાગરવેલના પાણીમાં કપૂર મળે તો ઝેર થાય. હિત કરનાર ઉપર અહિત કરનારને દૂર કરવા જોઇએ. અંધારાને દૂર કરનાર રવિ પણ ઘૂવડને અંધારું વધારનાર લાગે છે.

તમને તમારું ગીતા ગાતાગાતાં ન ફાવ્યું એટલે અમારી ઉપર ઉતર્યા, અને અમને હલકા કહ્યાં–પણ તમને ખબર નથી. અમે હલકા છીએ તો પણ બીજાને તારીએ છીએ.–પાર ઉતારીએ છીએ. મોટું નામ ધરાવવાથી મોટા થવાતું નથી, મોટું શરીર વધારવાથી મોટું થવાતું નથી. મોટું તો મોટું કાર્ય કરવાથી થવાય છે. તમે કેવળ વધી જાણ્યું છે અને મોટું નામ રાખ્યું છે, પણ કોઇનું હિત કર્યું નથી. કોઇ કામ કરવાનું આવે ત્યારે ખોટા છો. નાનો હીરો પણ બહુમાન મેળવે છે અને વધેલો–મોટો ઉકરડો લોકોનું અશુચિસ્થાન બને છે. નાનો દીપક મોટા અંધારાને ઉલેચે છે. નાનો ચંદ્ર મોટા–વિશાળ ગગનપટને પ્રકાશથી ભરી દે છે. આંધળાની મોટી કોડા જેવી આંખ કાંઇ કામની નથી પણ સજીવન નાની કીકી આંખને કિંમતી કરે છે. મોટા એરંડાનું મૂલ્ય કાંઇ નથી અને નાની ચિત્રાવેલીનું મૂલ્ય થઇ શકતું નથી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નાના પાંચજન્ય શંખને વિષ્ણુ પણ પૂજે છે અને જેના અવાજથી ત્રણે ભુવન ધ્રૂજી જાય છે. નાનો સિંહ મોટા હાથીને હણી નાખે છે. નાનું વજ્ર મોટા મોટા પર્વતોને ભેદી નાખે છે. પાસે રહેલી નાની ઔષધિથી ભૂત-પ્રેત બધા નાસી જાય છે. નાના નાના અક્ષરે લખાએલા ગ્રન્થોનો અર્થ ઘણો વિશાળ ને મોટો થાય છે. એટલે નાના-મોટાનો કાંઇ અર્થ નથી, અર્થ તો સાર-અસારનો છે. તમે તમારે મોઢે પોતાના ગુણ ગાઇને મોટાઇને ઢોળી નાંખી છે. તમે નીતિશાસ્ત્રને ભૂલી જઇને રાવણ જેવાનું બળ પોષ્યું અને તમને ચોરના સાગરીત જાણીને રામચંદ્રે તાણીને બાંધ્યા. વનરાજી-દ્વીપ વગેરેની શોભા એ કાંઇ તમારી નથી, એ સમ્પત્તિ તો પૃથ્વીની છે; માટે મદ ન કરો, મદ છોડીને છાનામાના ચૂપ રહો. એ પ્રમાણે ત્રીજી ઢાળ પૂર્ણ થાય છે.

તે પછી છ દુહા છે. તેમાં ત્રણ દુહામાં સમુદ્ર કહે છે-હે વહાણ! તારા વચન સાંભળીને મને ખેદ થાય છે. ક્યાં તું અને ક્યાં હું? તારી સાથે બોલવામાં પણ મને કંટાળો આવે છે. અમારા કુળ-વંશની વાત તું શું સમજે? જેમાં લક્ષ્મી જન્મી અને શ્રીકૃષ્ણને વરી એવો ક્ષીરસમુદ્ર અમારા કુળનું રત્ન છે. અને તારું કુળ તો ક્ષુદ્ર છે. ઝીણા જીવડાં-ઘૂણ પણ તારા કુળને-લાકડાને કોતરી ખાય એવું છે. આવો જ્યાં તારા ને મારા વચ્ચે લાંબો આંતરો છે, એ કહી શકાય એવું નથી.

વહાણે કહ્યું:-તમારી અને મારી વચ્ચે વાત ચાલે છે તેમાં કુળનો ગર્વ શો કરવો? એમ તો અમારા કુળની તમને ખબર નથી. એ પણ ઉત્તમ છે-સારભૂત છે. કલ્પવૃક્ષ એ અમારા કુળનું ભૂષણ છે. જે સર્વના વાંછિત પૂરે છે. પશુ-પક્ષી, હરણ, મુસાફર વગેરેને છાયા આપી સુખી કરે છે, અમારા ફળ-ફૂલ વગેરે પરને પુષ્ટ કરે છે. આ સર્વ અમારા કુળનું મહત્ત્વ છે. તું કહે છે એમ અમે પણ કહી શકીએ કે લક્ષ્મી પુરુષોને અમે આપીએ છીએ-એટલે કુળની વાતો કરવાથી કાંઇ વળશે નહિ.

એ પછી ચોથી ઢાળમાં કુળનો ગર્વ ન કરવો એ વિષય વિશદ રીતે વર્ણવ્યો છે. જરા પણ કુળ-ગર્વ કરવો નહિં. ઊંચા કુળમાં જન્મ પામ્યો હોય પણ ગુણ વગરનો હોય તો તે કુલાંગાર કહેવાય છે. અને જેણે પોતાના વિશિષ્ટ ગુણોવડે જગત પણ ઉજ્જવળ કર્યું છે તેના કુળને કોઇ પૂછતું નથી. એટલે કુળમદ કરવાનું કાંઈ કારણ નથી. જો દોષ-ભરી કાયા હોય તો કુળનો ગર્વ કરનારનું કુળ લજવાય છે. કાદવમાં કમળ જન્મ્યું છે છતાં લક્ષ્મીનું ફૂલઘર થયું છે, કહો કુળ મોટું કે ગુણ? મૂરખને કુળનો આગ્રહ હોય છે, અને પંડિતને ગુણનો રાગ હોય છે. ગુણને તેઓ મસ્તકે ચડાવે છે. ફણિના મણિને જેમ રાય-રાજા મસ્તકે ધારે છે અને હર ગંગાને મસ્તકે ધારે છે તેમ કુળનો ખોટો ગર્વ કરવાથી કાંઈ વળતું નથી. ગુણ ન હોય તો તેમાં કાંઇ સ્વાદ આવતો નથી. સિંહનું ચામડું પહેરાવીને કૂતરાને ખોટો સિંહ બનાવ્યો હોય તેથી તે સિંહની ગર્જના ન કરી શકે. જગતમાં જે ગુણ ગીરુઆ છે તેનાં નામ-ઠામ કે કુળ કોઇ પૂછતું નથી. સૂર્ય-ચંદ્ર કે મેઘના કુળ કોણે જાણ્યા છે કે કોણે દીઠા છે?

આ મારું કુળ છે અને આ બીજાનું કુળ છે એવો વિચાર ગુણ અને અવગુણ અંગે કરવો જરૂરી નથી. ગુણ આદરણીય છે અને અવગુણ ત્યાગ કરવા યોગ્ય છે. પોતાના શરીરથી જન્મેલા મેલનો લોકો ત્યાગ કરે છે અને વનમાં ઉપન્યા ફૂલને માથે ચડાવે છે, માટે આ સર્વ વિચારીને કુળમદને છોડી દેવા અને ગુણનો આદર કરવો કે જે ગુણને લઇને યશ-કીર્તિ મળે અને જગતમાં લીલવિલાસ સાંપડે. પછી બે દુહામાં સાગર વહાણને જવાબ આપે છે, તે કહે છે કે-હું જગતમાં રત્નાકર પ્રસિદ્ધ છું. મારા ગુણનો તો ઢોલ વાગે છે. મારા રત્નોનો સમૂહ જગત્-જનના દુઃખ-દારિદ્ર દૂર કરે છે. મારી પાસે જે ગુણ છે તેનો એક અંશ પણ તારી પાસે નથી તો તું મારી હોડ શું કરે છે?

પાંચમી ઢાળમાં વહાણ કહે છે કે-હે સાગર! તમો રત્નો ગણો છો એ વાત સાચી છે પણ તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હાથે કરીને આપતા તો તમારું ડાચું બેસી જાય છે. આપતાં તમને કદી આવડયું નથી. તમારા રત્નો તો અમે તમને દમીને-ચાકમીને લોકને આપીએ છીએ. હાથીએ હચમચાવેલું ઝાડ ફળની વૃષ્ટિ કરે તેમાં ઝાડે દાન કર્યું ન કહેવાય એમ કંજૂસ માણસ સકંજામાં સપડાઇને કાંઇક આપે એમાં વિશેષતા ન ગણાય. ઊલટું આપે અને દુઃખી થાય. શેરડી પીલાય ત્યારે રસ આપે છે અને અગર બળે છે ત્યારે સુગંધ આપે છે. એ દાળા અને ગાંડે ભર્યા છે એમ કૃપણ પણ દમન પામ્યા સિવાય કાંઇ પણ આપતા નથી.

સાગરે જવાબ આપ્યો કે-હે વહાણ! તારી આ વાત અમને લાગુ પડતી નથી. અમે તને કદી રત્ન લેતાં વાર્યો નથી. વહાણે કહ્યું-આમ કહીને તમે મનમાં ફુલાઓ નહિ. જે રત્ન અમે તમારી પાસેથી ખેંચીને બહાર કાઢયું તે લેખે લાગે છે અને તમારી પાસે પડ્યા છે તે કેવા છે? એ પણ જગત જાણતું નથી. વળી તમે સારવાળી વસ્તુનો સંગ્રહ કરીને સાચવી રાખો છો એવો હર્ષ પણ ઉચિત નથી કારણ કે સાર અને અસારના ભેદની પણ તમને ખબર નથી ત્યાં સારનો સંગ્રહ કઇ રીતે થઇ શકે? લાકડા અને તણખલાને તમે ઉપર રાખો છો-માથે ચડાવો છો, અને રત્નોને નીચે નાખો છો-પગતળે કચડો છો. જે તમારા કચરામાં પડ્યા છે તે રત્નો વખત જતાં રત્નપણું ગુમાવીને કચરો બની જાય છે. અને જે ત્યાંથી નીકળીને બહાર આવે છે તે ઊંચું સ્થાન પામે છે. મુકુટમાં જડાઇને રાજાને માથે ચડે છે અને રમણીના વક્ષસ્થળને શોભાવે છે-હારરૂપે બનીને. તમારી મોટી ભૂલ તો એ છે કે તમે કાંકરા અને પથ્થર બન્નેને સરખા ગણી સાથે રાખો છો. તમે રત્નોથી-ગુણ કીર્તિ મેળવી છે એમ કહેવું વ્યર્થ છે.

બે દુહામાં સાગર જવાબ આપે છે કે-હે વહાણ! જરા વિચારીને બોલ, તું મદ શાને કરે છે.? મારી ધરતી ઉપર તું રમે છે-રમકડાંની માફક. મારી પાસે અખૂટ જળભંડાર છે તો બધાને કુશળ-ક્ષેમ છે.

વહાણે કહ્યું-ઠીકઠીક-અખૂટ જળભંડાર છે એમ બોલતા તમને શરમ નથી આવતી! આટલું જળ ભરી રાખ્યું છે તે કામનું શું! જે ધન યાચકને છેતરે-યાચક માને કે આપની પાસે ઘણું ધન છે ને તે આશાએ ને આશાએ માંગવા જાય પણ તેની આશા ઉપર પાણી ફરી વળે એવા ધનથી શું? હે કઠિન મન, ધનનો ગર્વ કરીએ નહિ. જે કંજૂસો ધન નથી એમ કહીને યાચકને આપતા નથી અને પાછા કાઢે છે તેમના ભારથી આ ભૂમિ ભારે થઇ છે-પૃથ્વીને તેમનો ભાર લાગે છે, પણ આ પર્વત, વૃક્ષ વગેરેનો ભાર લાગતો નથી. વિષફળની જેવા ખારા જળ તમારા નિર્મળ હોય તો પણ શા કામના? તરસ્યા પશુ-પંખીઓ પણ તમારા જળથી દૂર નાસે છે. ઝેરના જીવડા ઝેરમાં રમે તેમ આ માછલા વગેરે તમારા પાણીમાં રહે છે. બાકી હંસ, સારસ વગેરે તો ભૂલેચૂકે પણ આ પાણી ચાખી જાય તો મોટી પીડા પામે છે. તમારામાં માર્ગ કરીને આગળ વધનારાને મારવાડમાં વાવ સમાન અમારો આશરો-એ પુણ્ય પ્રભાવ છે. જો અમારું પાણી ખૂટી જાય તો માણસો બૂમરાણ મચાવે, ચારે બાજુ ખૂબ ખૂબ પથરાએલું તમારું પાણી હોય છે છતાં રતિભાર પણ લોકો તે લેતા નથી. જે પરની આશા પૂરી કરે છે, હોય છે ત્યારે ઉચિત રીતે દાન દે છે-તેનું થોડું ધન શુભ છે, પુણ્યનું કારણ છે. ચંદનના લાકડાનો નાનો ટુકડો પણ સારો, બાકી લાકડાનો ભારો હોય તો પણ શા કામનો! સજ્જન સાથેની એક ઘડી પણ સાર્થક. મૂર્ખનો અવતાર એમ ને એમ એળે ચાલ્યો જાય એ નકામો. તમે તો રાતદિવસ એક 'ના-ના' બોલ્યા કરો છો અને તેથી તમારો અવાજ પણ ઘોઘરો થઇ ગયો છે, માટે જો સુયશ મેળવવો હોય તો દાન કેમ દેવાય એ વિચાર શીખો.

( ચાલુ)

બાળકોના જીવનમાં ઉત્તમ સંસ્કારો રેડવા માટે

સંસ્કારનું વાવેતર

લખો :-શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

અવશ્ય મંગાવો

મૂલ્ય : ચાર આના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રશ્નપદ્ધતિ

( ૫ )

અનુવાદક : આચાર્ય મહારાજશ્રી વિજયમહેન્દ્રસૂરિજી મહારાજ

પ્ર૦—(૫૩) સૂર્ય અને ચંદ્ર હમેશાં આકાશમાં ફરે છે તો સૂત્રકારે "उग्गए सूरे" એમ કેમ કહ્યું?

ઉ૦—સૂર્ય અને ચંદ્ર ચર્મચક્ષુથી દેખાય ત્યારે લોકો કહે કે સૂર્ય અને ચંદ્ર ઊગ્યા છે, જ્યારે ચર્મ-ચક્ષુથી ન દેખાય ત્યારે અસ્ત થયા છે, એમ બોલે છે એટલે સૂત્રકારે લોકવ્યવહારથી उग्गए सूरे એમ કહ્યું છે ॥ ૫૩ ॥

પ્ર૦—(૫૪) ક્ષયોપશમ સમ્યક્ત્વવાલા જીવોના અનંતાનુબંધી ક્રોધાદિ કષાયો ક્ષય થયેલા હોય છે અને દર્શનમોહનીયકર્મની ત્રણ પ્રકૃતિનો ઉપશમ થયેલો હોય છે, તો પછી જીવ મિથ્યાત્વને પામતો ફરીને તે ક્ષય કરેલી પ્રકૃતિનો ઉદય કેમ થાય? કારણ કે ક્ષય કરેલ પ્રકૃતિનો ઉદય થતો નથી.

ઉ૦—જેમ ઓલવાઈ ગયેલા કોલસા અગ્નિના સંયોગથી ફરીને પ્રદિપ્ત થાય છે તેમ ઉપશાન્ત સમ્યક્ત્વ મોહનીયના ઉદયમાં તે ક્ષય કરેલ પ્રકૃતિનો પણ ઉદય થાય. વિસ્તારથી આ બાબત કર્મપ્રકૃતિ ગ્રંથથી જાણવી ॥ ૫૪ ॥

પ્ર૦—(૫૫) કર્મ ક્ષય કરતી વખતે જીવને કેવો પરિશ્રમ થાય છે?

ઉ૦—પ્રચંડ બલવાન પુરુષ ગંગા નદીની મધ્ય-ધારા તરીને થાકે ત્યારે ગંગાનદીને કાંઠે વિસામો લે છે, તેની માફક મોહનીય કર્મ ક્ષય કરીને પરિશ્રમવાલો થાય ત્યારે તેરમા ગુણસ્થાનકે વિસામો લે છે ॥૫૫॥

પ્ર૦—(૫૬) જ્યારે રાહુ સૂર્ય ચંદ્રને ગ્રહણ કરે છે ત્યારે સૂત્રનું અધ્યયન કેમ ન થાય?

ઉ૦—રાહુ સૂર્ય અને ચંદ્રને ગ્રહણ કરે છે ત્યારે તેના મહિમાને માટે મનુષ્ય લોકને વિષે ભમતા મિથ્યા-દૃષ્ટિ દેવો ભણનારને જોઈને ઉપદ્રવ કરે છે તેથી આપ્ત પુરુષોએ ભણવાનો નિષેધ કરેલ છે.॥ ૫૬ ॥

પ્ર૦—(૫૭) કૃતકૃત્ય એવા તીર્થંકરો શા માટે દેશના આપે છે?

ઉ૦—તીર્થંકર દેવો કૃતકૃત્ય છતાં વચનના પર-માણુઓ ક્ષય કરવાને માટે અને પરોપકારને માટે દેશના આપે છે. ॥ ૫૭ ॥

પ્ર૦—(૫૮) પરમાણુઓની આઠ વર્ગણા કેમ કરી?

ઉ૦—જેમ કોઈ ગૃહસ્થને ઘણી જાતની ગાયો હોય અને ગોવાલીયાઓ પરસ્પર વિરોધ કરે છે, ત્યારે ગૃહસ્થે લાલ, પીલા, લીલા આદિ રંગના ભેદ પ્રમાણે ગાયોના વર્ગો પાડીને આપ્યા ત્યારે તેઓ પોતપોતાના વર્ગને ચરાવે છે, તેમ પરમાણુઓમાં તેના પરીક્ષકોનો વિરોધ દૂર કરવાને માટે જિનેશ્વરદેવે પરમાણુની જુદી જુદી આઠ વર્ગણાઓ બતાવી છે. ॥૫૮॥

પ્ર૦—(૫૯) પાદોપગમન અનશનમાં હાલવા-ચાલવાનો અભાવ છે, તો સૂત્રકારે "उच्चारपासवण-भूमिं पडिलेहइ" એમ શા માટે કહ્યું?

ઉ૦—પાદોપગમન અનશન ગ્રહણ કર્યા પહેલાં જો લઘુનીતિ કે વડીનીતિ પરઠવે તો તેને માટે ભૂમિ પડિલેહવાનું કહ્યું છે, તે તો અમારા ગુરુએ ભગવતી સૂત્રમાં સ્કંધકના અધિકારમાં કહેલ છે. ॥૫૯॥

પ્ર૦—(૬૦) ભવિષ્યમાં ઉત્થાપક થશે એવું જાણવા છતાં ભગવાને જમાલીને શા માટે દીક્ષા આપી?

ઉ૦—ભગવાને તેની સાથે બીજા કેટલાય જીવોનો ઉદ્ધાર જાણેલ હતો, અથવા જેટલું ચારિત્ર પાળશે તેટલો લાભ છે, અથવા ભાવિભાવ જાણીને દીક્ષા આપી હતી. ॥ ૬૦ ॥

પ્ર૦—(૬૧) જીવ નારકીનો ભવ છોડીને તરત નારકીપણે ઉત્પન્ન થતો નથી તો પછી "नेरइए नेरइएसु गच्छइ" નારકી નારકીમાં જાય એક કેમ કહ્યું?

ઉ૦—અહિયાં આયુષ્યની અપેક્ષાએ જાણવું, નારકીનું આયુષ્ય બાંધીને નારકીપણે ઉત્પન્ન થયો, તેથી "उत्पद्यमानं उत्पन्नं" એ વાક્યથી વાંછિત ગતિ-



For Private And Personal Use Only

માંથી મનીને માર્ગમાં ચાલનો તે જીવ નારકી જ કહેવાય છે, તેથી સૂત્રમાં કહ્યું કે નારકી નારકીમાં જાય છે, પરંતુ નારકીના ભવમાંથી નીકળીને નારકીપણે ઉત્પન્ન થતો નથી. ॥ ૬૧ ॥

પ્ર૦—(૬૨) અગ્નુરૂપાદિમાં જીવની ઉર્ધ્વ ગતિ જ હોય છે, તો પછી નીચે કેમ જાય ?

ઉ૦—જેમ તુંબડાના ફળનો પાણી ઉપર તરવાનો સ્વભાવ છે જ, પરંતુ માટી આદિના લેપના સંયોગથી જળના નીચેના ભાગને વિષે જાય છે, તેમ જીવ પણ કર્મના ભારને લીધે નીચે જાય છે.

પ્ર૦—(૬૩) કર્મ અને જીવનો સંબંધ ક્યારે થયો ?

ઉ૦—કર્મ અને જીવનો સંબંધ અનાદિકાળનો છે, એ સંબંધ ક્યારે થયો તે સર્વજ્ઞ પણ કહેવાને સમર્થ નથી.

પ્ર૦—(૬૪) ગૌતમસ્વામી મહારાજને ચાર જ્ઞાન હતા તો પછી આનંદ શ્રાવકની પાસે અવધિજ્ઞાનનો ઉત્તર આપવામાં કેમ સ્ખલના પામ્યા ?

ઉ૦—તે વખતે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો નથી, અથવા અતિશય વિનયવાળા હોવાથી ભગવાનને પૂછીશ એવી બુદ્ધિથી ઉપયોગ આપ્યો ન હતો.

પ્ર૦—(૬૫) શ્રુતકેવલીનું વચન કેવલીના જેવું કહ્યું છે તે શી રીતે ?

ઉ૦—ઉપયોગવાળા શ્રુતકેવલી, કેવલીના જેવા હોય છે, ઉપયોગ વગરના શ્રુતકેવલી તો વિરુદ્ધ પણ બોલે–ગૌતમસ્વામીની માફક.

પ્ર૦—(૬૬) મુનિને પાસત્થાની વૈયાવચ્ચ કરવાનો નિશીથસૂત્રમાં નિષેધ કરેલ છે, તો પછી પંથક મુનિએ શૈલકની વૈયાવચ્ચ કેમ કરી ?

ઉ૦—શૈલક આચાર્ય હોવાથી કોઈ વખત પ્રમાદનો ત્યાગ કરીને શુદ્ધ મનવાળા થશે એવી બુદ્ધિથી કરી હતી, અથવા જો હું મૂકીને જઈશ તો આચાર્ય સર્વથા ભ્રષ્ટાચારી થઈ જશે એવા હેતુથી જાણવું.

પ્ર૦—(૬૭) "कुक्कुडंडयपमाणमित्ते" આનો શો અર્થ ?

ઉ૦—સુખપૂર્વક મુખમાં જાય એટલા પ્રમાણવાળો એક કવલ (કોળિયો) મુનિએ ખાવો. વિસ્તારથી તો અમારા ગુરુએ શ્રી ભગવતીસૂત્રમાં આ હકીકતનું સમર્થન કરેલું છે ત્યાંથી જાણવું.

પ્ર૦—(૬૮) "मासे तओ उदगलेवं करेमाणे सबले" અહીં લેપ શબ્દથી શું કહેવાય ?

ઉ૦—ઢીંચણ સુધી પાણીવાળી નદીમાં મુનિ પ્રવેશ કરે છે. જો નાભિ સુધી જળવાળી નદીમાં પ્રવેશ કરે તો લેપ સંજ્ઞાને પામેલ ગણાય અને તેથી ચારિત્ર મલિન થાય. આ પ્રમાણે શ્રી સમવાયાંગસૂત્રની ટીકામાં અમારા ગુરુએ કહ્યું છે તે જોવું.

પ્ર૦—(૬૯) અતિમુક્ત નામા મુનિએ જલક્રીડા કરી ત્યારે ત્યાં શી વ્યવસ્થા થઈ ?

ઉ૦—અવસ્થા ભેદથી પાણી જોઈને જલક્રીડા કરવામાં મગ્ન થયા ત્યારે ચારિત્રનો ઉપયોગ ભૂલી ગયા હતા અને બાલચેષ્ટા હતી, આ પ્રમાણે સિદ્ધાન્તકારનો અભિપ્રાય છે. ॥ ૬૯ ॥

પ્ર૦—ચંદ્રાવતીના રહીશ પોરવાલગોત્રીય સાગરચંદ નામના શ્રાવકે પૂછ્યું કે–હરિભદ્રસૂરિ મહારાજે ૧૪૪૦ પ્રકરણો બનાવ્યા એમ મેં ગુરુમુખથી સાંભળ્યું છે, પણ બાકીના ચાર પ્રકરણો સાંભળ્યા નથી તે ક્યા?

ઉ૦—હે ભવ્ય "સંસારદાવાનલદાહનીરં" ચાર ગાથારૂપ ચાર પ્રકરણો જાણવા. તેના ઉપકારને માટે મેં આની ટીકા પણ રચી છે. (ચાલુ)

સામાયિકમાં વાંચવા માટે

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજનો સર્વશ્રેષ્ઠ ગ્રંથ
**જ્ઞાનસાર**–ગુજરાતી અનુવાદ સાથે અવશ્ય વાંચો
મૂલ્ય રૂપિયા ૨–૦–૦ લખો:—શ્રી જૈન ધ. પ્ર. સ.–ભાવનગર

# સ્થા પ ના

લેખક : શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર"

કોઈ પણ વસ્તુની સાચી ઓળખાણ મેળવવા માટે જૈન શાસ્ત્રકારોએ ચાર નિક્ષેપની યોજના કરી છે. નામ, આકૃતિ, દ્રવ્ય ને ભાવ એ ચાર નિક્ષેપો છે. અહીં આપણે સ્થાપના નામક નિક્ષેપ માટે થોડું વિવેચન કરીશું.

કોઈ વિચારક જ્ઞાનીને જ્યારે કોઈ ઘટના જોવામાં આવે છે ત્યારે તેની ભાવનાઓ ઉત્તેજિત થાય છે અને એ ઘટનાનો સાક્ષાત્કાર બીજા આપણા સહધર્મીઓને પણ થાય તે માટે તે ભાવનાને શબ્દનું રૂપ આપી એકાદ નિબંધ, પ્રબંધ કે કાવ્યમાં તે ગૂંથી લે છે. અને એમ કરી એ ઘટનાને તે શબ્દથી મૂર્ત સ્વરૂપ આપે છે. કવિઓ પોતાની શૈલીથી આલંકારિક શબ્દરચના કરી, વાચકના હૃદયમાં મનોહર સંવેદના ઉત્પન્ન કરી વાચકનું હૃદય જીતી લે છે. તેમજ જ્યારે જ્ઞાનીઓને મનમાં અમુક ભાવના જાગૃત થાય છે ત્યારે તે તેનો પણ અનુભવ બીજાઓને સુલભ કરી આપવા માટે સાક્ષાત્ એ ભાવનાઓને મનોહારી શબ્દોમાં ગૂંથી એક સુંદર ભાવનાનો મહેલ વાચકના હૃદયમાં ઊભો કરે છે. એવા પ્રબંધો કે કાવ્યો વાચક કે શ્રોતાઓને પ્રસન્ન કરે છે, હસાવે છે, રડાવે છે, મુગ્ધ કરે છે, વિરક્ત કરે છે અને એવી એવી અનેક રસયુક્ત ભાવનાઓને જાગૃત કરે છે. ઇતિહાસ, કથા, શાસ્ત્ર કે બીજા ગમે તે વિષયમાં તેના નિષ્ણાતો શબ્દોના મહેલો ચણે જ જાય છે અને એવા મહેલો સાંભળનારને અને મનની આંખે જોનારને પોતાના જીવનમાં માર્ગદર્શક અને ઉપકારક થઈ રહે છે. ભગવાન્ ગૌતમ ગણધર મહારાજા જેવા જ્ઞાનસ્વરૂપ મહાન્ પુરુષોએ પ્રભુ મહાવીરના ઉચ્ચરેલા ત્રણ જ પદોમાંથી અદ્ભુત એવી ગ્રંથસંપત્તિ નિર્માણ કરી જગત આગળ આત્માની ભૂખ અને તૃષા શાંત કરનારા અખંડ અમૃત નિર્ઝરો નિર્માણ કરેલા છે. એવી એ શબ્દપ્રભુઓની કૃતિ એ સ્થાપના નહીં પણ સાક્ષાત્ પ્રભુદર્શન કરાવી શકી છે અને અનંત આત્માને મુક્તિપુરીનો નિવાસ સુલભ કરી આપ્યો છે. વિચારોની શબ્દરૂપમાં સ્થાપનાનો એ કેવો મહિમા છે! એવી શબ્દરૂપે સ્થાપનાના શબ્દબ્રહ્મને અમારા કોટિશઃ નમન હો.

પૂર્વોક્ત શબ્દબ્રહ્મ રસની સુંદરતા, અલંકારની દિવ્યતા અને સમુચિત શબ્દોની મૃદુ કેલિથી એટલું તો મોહક, આકર્ષક અને આત્માને પરમાત્મા કે પરબ્રહ્મ સન્મુખ કરવામાં સમર્થ હોય છે કે, ગમે તેવા હીન કૃતિવાળા અને હતભાગી માનવો પણ તેમાં તરબોળ બની પોતાનો જન્મ સફળ કરી ગયા છે. એ શબ્દબ્રહ્મ દિવ્ય વલ્લી છે. તેના સેવનથી આત્માના અનેક જાતના ભવરોગ દૂર થાય છે. જેમ એ શબ્દ એક ઉજ્જવલ કાર્યસાધક સ્થાપના છે તેમ બીજી પણ કાર્યસાધક સ્થાપના આપણે લલિતકલામાં જોઈ શકીએ છીએ.

ચિત્રકાર પોતાની પીંછી અને રંગની મદદથી પોતે જોએલ દિવ્ય દર્શનને સાકાર બનાવી શકે છે. પોતાની પ્રતિભાદ્વારા એ પ્રેક્ષકને અનુપમ શક્તિનો આવિષ્કાર મૂર્ત કરી શકે છે. સાધકનું ધ્યાન સ્થિર કરી ચૈતન્યમય આત્માને પણ જાણે જડ હોય તેમ સ્થગિત કરી ધ્યાનમગ્ન કરી મૂકે છે. એ સ્થિરતા સાધકને પરમપદ સુધી લઈ જવા સમર્થ કરી શકે છે. પૂર્વે થઈ ગયેલા અને પોતાની અનુપમ સાધનાને લીધે જગતમાં પ્રસિદ્ધ થઈ જ્ઞાનીઓના મનનો તાબો લેનારા મહંતોની પ્રતિમા અને તેમની સાધનાના કાર્યને સાક્ષાત્ પ્રગટ કરવાનું કાર્ય ચિત્રકાર પોતાની પીંછીની સહાયથી કરી શકે છે. કવિની પેઠે ચિત્રકાર પણ એકતાનતાનું દિવ્ય દર્શન મેળવી કલાની સહાયથી મૂર્તિમંત આત્મજ્ઞાન પ્રગટ કરે છે. અનેક ઋષિમુનિઓ અને ભક્ત જનોના ચરિત્રોને સાકાર કરી તેમના



For Private And Personal Use Only

દર્શન કરાવવા ચિત્રકાર સમર્થ હોય છે. જાણે તે તે પ્રસંગો આપણી સામે જ થઈ રહેલા છે એવો પ્રકાશ આપણી સામે રેડે છે. સ્થાપનાનું એ કેવડું સામર્થ્ય છે!

સ્થાપનાનું સરલ અને આબાલ ભોગ્ય સામર્થ્ય શિલ્પકારમાં હોય છે. શિલ્પકાર જડ એવા પત્થર કે લાકડાને પણ બોલતો કરી મૂકે છે. શૃંગાર, વીર, કરુણ, હાસ્ય, બીભત્સ વિગેરે રસોને એ સાક્ષાત્ બોલતા કરે છે. અને પોતાની સાધના અને પ્રતિભા તેમજ કુશલતાથી એ પ્રશમરસનિમગ્ન એવી દેવાધિદેવની મૂર્તિ પણ નિર્માણ કરે છે. પ્રેક્ષકની આંખને જીતી લઈ તેના હૃદયમાં ભક્તિ અને વિનયના સંસ્કાર રેડે છે. મૂર્તિની પ્રસન્ન મુખમુદ્રા જોઈ જેના હૃદયમાં ભક્તિભાવ ઉત્પન્ન થાય નહીં એ માનવ હૃદયશૂન્ય જડ જેવો જ ગણવો જોઈએ. મૂર્તિ આગળ નતમસ્તક થઈ ત્યાંથી ખસવાનું પણ સહૃદયી મનુષ્યને મન થતું નથી. એની આંખની પાંપણ પણ એને અવરોધ જેવી ભાસે છે. એ મૂર્તિ એના મનનો કબ્જો લઈ લે છે. જાણે સાક્ષાત્ પરમાત્માના દર્શન થયા હોય એમ તેને ભાસે છે. તે પરમાત્માના કેટલા ગુણ ગાવા એમ એને થઈ પોતાના અંતઃકરણથી એ પ્રભુની પૂજા કરે છે. જગતમાં ઉન્નત મસ્તક કરી દમામથી વર્તનારો પ્રભુની મૂર્તિ આગળ બાળકની પેઠે નાચે છે, ખુલ્લા મને પોતાની પામરતા બોલી જાય છે અને પંચાંગથી કે અષ્ટાંગથી નમન કરી બદ્ધાંજલિ થઈ ઊભો રહે છે. પોતાની પરવશતા ઉપર અશ્રુ સારે છે અને પોતાનો ઉદ્ધાર કરવા માટે પ્રભુ પાસે કરુણાની ભાષા વહે છે. શિલ્પકારનો એ કેવડો પ્રભાવ! ધન્ય છે શિલ્પકારને કે જેણે ભલભલાના હૃદયો હચમચાવી મૂક્યા છે. અને અનેકોને સાચા માર્ગનું દર્શન કરાવ્યું છે. પોતાના ટાંકણાથી એ અપૂર્વ અને અદ્ભુત સૃષ્ટિ નિર્માણ કરે છે. ધન્ય છે એ સ્થાપનાને અને એનું વિધાન કરી મૂકનાર દ્રષ્ટાઓને!

પૂર્વોક્ત વિવેચન ઉપરથી લલિતકલાની સહાયથી કલાકારો કેટલું અપૂર્વ કાર્ય કરી બતાવે છે એ જોઈને સ્થાપના નિક્ષેપનું મહત્વ આપણા મનમાં સ્થિર થયા વગર નહીં રહે, એવો અમોને વિશ્વાસ છે. સ્થાપના નિક્ષેપને ઉડાવી દઈ મૂર્તિપૂજાનો જેઓ નિષેધ કરે છે તેઓએ સાચા અંતઃકરણથી પોતાની માન્યતાનો વિચાર કરવાની ખાસ જરૂર છે. મુસલમાન અને ક્રીશ્ચન જેવા મૂર્તિપૂજાના તીવ્ર નિષેધકો પણ એક રીતે જોતા તો મૂર્તિપૂજાને માને છે. કાબાના પશ્ચિમભાગમાં રહેનારાઓ પૂર્વદિશા તરફ અર્થાત્ કાબા તરફ જોઈ અને પૂર્વભાગમાં રહેનારાઓ પશ્ચિમ તરફ રહેલ કાબા તરફ મુખ કરી વંદન અને પ્રાર્થના કરે છે. પ્રત્યક્ષ કાબામાં પણ ધૂપ, દીપ, ફૂલ વિગેરેથી કાબાના પ્રસ્તર આગળ પોતાનું મસ્તક નમાવે છે. તેમજ ક્રિશ્ચનો ધૂપ, દીપ અને ફૂલવડે પૂજા તો કરે છે. માનવ સ્વભાવનો એ આવિષ્કાર છે. માનવને જ્ઞાન એ સ્વભાવરૂપે મળેલું હોય છે. અને એનું મન નમ્રતાની અને પોતાથી કોઈ ઊંચી વ્યક્તિ અગર સ્થિતિની કલ્પના કરતું જ રહે છે. અને દરેક વેળા મૂર્તિની ભક્તિ કે પૂજા કરવા છતાં પણ પોતે તે કરતો નથી એવો ભ્રમ કે દંભ એ સેવે છે.

કોઈ પણ પ્રતિમા જોઈ–ભલે તે કોઈ ક્રૂર દેવતાની કે મહિષાસુર–મર્દિની માતાજીની હોય, અમુક જાતની ભાવના થતી જ નથી એવો કોણ હોઈ શકે? વાઘ કે સિંહની મૂર્તિ જોઈ ભયાનકતાની લાગણી જન્મે છે ત્યારે શાંત સુધારસ વર્ષતી મૂર્તિ નિહાળી મનને શાંતિ નહીં જ થાય એવી માન્યતા એ ભ્રમણાજનિત આગ્રહ નહીં તો બીજું શું હોઈ શકે? આપણે વાસના, મોહ અને એવા એવા અનેક વિકારોથી ખદબદીએ, ક્રોધ, લોભ, કામ, તૃષ્ણા આદિ પાશવી ભાવનાઓના ગુલામ હોઈએ અને અમો મનથી જ પ્રભુનું ધ્યાન કરી શકીએ છીએ એની ડંફાસ મારીએ એ આત્મવંચના નહીં તો બીજું શું?

જે સંતપુરુષો સાચા રૂપે વિકારોથી પર થયેલા હોય, જેને વિકારોનું સ્મરણ પણ થતું નહીં હોય, જેના આત્મામાંથી માલિન્ય સર્વથા જતું રહ્યું હોય, અને જેની દૃષ્ટિ આગળ પરમાત્મ-સ્વરૂપ સિવાય

# લોભ સર્વ અનર્થોની ખાણ છે

લેખક : મુનિશ્રી મહાપ્રભવિજયજી મહારાજ

आकरः सर्वदोषाणां, गुणग्रसनराक्षसः ।
कन्दो व्यसनवल्लीनां, लोभः सर्वार्थबाधकः ॥

લોભ સર્વ દોષોની ખાણ, સઘળા ગુણોનો ગ્રાસ કરી જનાર રાક્ષસ, દુઃખવેલડીનું કંદ અને સર્વ પ્રયોજનોમા વિઘ્નકર્તા છે.

આજે જ્યાં જગતમાં દૃષ્ટિપાત કરીએ ત્યાં લોભ–સ્વાર્થવૃત્તિ નજરે ચડે છે. લોભરૂપી અગ્નિ પ્રાણીઓના અંતઃકરણને ભસ્મીભૂત કરી લોહી–માંસ સૂકાવી નાખી દેહને કેવળ હાડપિંજર બનાવી મૂકે છે, તો પણ લોભી પ્રાણી લોભનો ત્યાગ કરી શકતો નથી. કાષ્ઠને પામી જેમ અગ્નિ ભભૂકી ઉઠે છે તેમ લોભવડે લોભાનળ વધતો જ જાય છે. વધતા વધતા તે એટલો વધી જાય છે કે વિદ્યા, આગમ, તપ, જપ, શમ અને સંયમાદિ તમામ ગુણોનો નાશ કરી જગત્પૂજ્યને પણ અપૂજ્ય બનાવે છે. લોભના જોરે સર્વ કર્તવ્ય વિસરી જઈ દુનિયાના દાસ બને છે.

"लोभमूलानि पापानि" શાસ્ત્રકારો લોભને સઘળા પાપોનું કારણ કહે છે. એમ કહેવામાં કારણ એ છે કે–લોભમાંથી પાપવૃત્તિ અસ્તિત્વમાં આવી વૃદ્ધિગત બને છે. લોભવૃત્તિએ અનેક અનર્થો આ જગતમાં જન્માવ્યા છે. અનીતિ, અપ્રમાણિકતા, ચોરચીરી વિગેરે માટે તો કહેવું જ શું ? ભાઈ–ભાઈ વચ્ચે વિખવાદ જગાડનાર, સગા–સ્નેહીઓ વચ્ચે કલેશ કરાવનાર, પાડોશીઓ અને નગરજનો વચ્ચે અણબનાવ કરાવનાર, દેશો વચ્ચે યુદ્ધ જગાડનાર અને સ્વજન અને ઇતર જનના ખૂન કરાવનાર પણ એક લોભવૃત્તિ જ છે. "Averice is the roof of all evils. લોભ સર્વ અનર્થનું મૂળ છે."

લોભ કરવાથી જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ નિશ્ચળ લક્ષ્મીનો નાશ થાય છે. ચંચળ અને વિનશ્વર લક્ષ્મી કદાચ પ્રાપ્ત થાય તો પણ રહેનાર નથી. કાં તો લક્ષ્મી ચાલતી થશે કે લોભી પોતે જ ચાલતો થશે (પરલોકનો માર્ગ પકડશે), જેથી તૃષ્ણા મહાદેવીનો સંગ સ્વપ્ને પણ કરવા જેવો નથી. તેના સંગથી અનંતા જીવો નષ્ટભ્રષ્ટ થઈ, દુર્દશા ભોગવી દુર્ગતિ પામ્યા છે. તેમ આ લોકમાં પણ ભયંકર યાતનાઓનું ભાજન બને છે. રાજગૃહીના મમ્મણ શેઠની પાસે અગણિત દ્રવ્ય હતું, છતાં પૂર્વભવના લોભથી તેને તેલ–ચોળા જ ખાવા પડ્યા. પૂર્વભવે તે વણિકપુત્ર હતો. મુનિને લાડુનું દાન કરવાથી તેને દ્રવ્ય મળ્યું, પણ તેને ખાવામાં અંતરાય કરવાથી પોતે કંઈ ભોગવી શકતો ન હતો. એટલું જ નહિં પણ મહાકષ્ટો ઉઠાવી દુઃખી બની નરકનો મહેમાન બની ગયો.

---

બીજું કોઈ જાણતું જ ન હોય એવા અલૌકિક મહાત્મા જગતથી પણ પર થયેલા હોય છે. એઓ પ્રભુની મૂર્તિનું ભજન પૂજન સામાન્ય જનોની પેઠે કરતા નહીં હોય એ સમજી શકાય એવી વસ્તુ છે, પણ જેનું ગુણસ્થાન હજુ પ્રાથમિક અવસ્થા પણ વટાવી શક્યું નથી એવા રાગ દ્વેષના ગુલામોએ મૂર્તિપૂજાનો નિષેધ ઉચ્ચારવો એ સાહસ, અજ્ઞાન નહીં તો બીજું શું કહી શકાય ? પ્રાથમિક પાઠ ભણતા બાળ વિદ્યાર્થીને અનેક સાધનો કે જે આગળ જતા નકામા થવાના છે એવા આપવા પડે છે. એનો જ્ઞાનવિકાસ વધતા એ સાધનો એના માટે નિરુપયોગી થઈ જાય છે, પણ પ્રથમથી જ બધા સાધનોનો હું ઉપયોગ કરીશ નહીં એવો આગ્રહી વિદ્યાર્થી હશે તો મહેતાજી તેને નિશાળમાંથી રજા જ આપશે હશે. એટલા માટે જ અનુક્રમે જ માર્ગનું ક્રમણ થઈ શકે છે. આગ્રહ કે વિતંડાવાદ એ માટે નકામો જ છે. પૂર્વોક્ત વિવેચન ઉપરથી યોગ્ય બોધપાઠ મેળવા લેવાની પ્રાર્થના કરી વિરમું છું.

सर्वविनाशाश्रयिणः सर्वव्यसनैकराजमार्गस्य ।
लोभस्य को मुखगतः क्षणमपि दुःखान्तरमुपेयात् ॥

સર્વવિનાશના આશ્રયસ્થાનરૂપ અને સર્વપ્રકારની આપત્તિના મુખ્ય માર્ગરૂપ લોભને વશ થયેલો કયો મનુષ્ય એક ક્ષણ પણ સુખ પામી શકે ?

अर्थमनर्थं भावय नित्यं,
नास्ति ततः सुखलेशः सत्यम् ।
पुत्रादपि धनभाजां भीतिः
सर्वत्रैषा विहिता रीतिः ॥

ધનને નિરંતર અનર્થરૂપ માનો, તેથી સુખનો લેશ પણ સત્ય રીતે નથી. ધનિકોને પુત્ર તરફથી ભય રહ્યા કરે છે. (ધન ખાતર ભાઈઓ લડે છે, મિત્રો છૂટા પડે છે અને સંબંધીઓ વચ્ચે શત્રુતા પ્રગટે છે.) આવી રીત સર્વત્ર ફેલાએલી છે.

રાજ્યલોભથી મુંજરાજા પોતાના ભત્રીજા ભોજનો વધ કરવા તૈયાર થયા હતા. તેને મારી નાખવા મોકલેલા મારાઓને દયા આવવાથી તેમણે તેને જીવતો મૂકયો. તે વખતે ભોજે એક શ્લોકદ્વારા સંદેશ મોકલ્યો હતો કેઃ-

मांधाता स महिपतिः कृतयुगालंकारभूतो गतः
सेतुर्येन महोदधौ विरचितः, क्वाऽसौ दशास्यान्तकः ?
अन्ये चापि युधिष्ठिरप्रभृतयो याता दिवं भूपते !,
नैकेनापि समं गता वसुमति, मुंज ! त्वया यास्यति ॥

સત્યુગમાં અલંકાર સમાન પ્રસિદ્ધ માંધાતા નૃપતિ મરી ગયા. જેણે મોટા સમુદ્ર ઉપર પૂલ બાંધ્યો હતો તેમજ રાવણનો નાશ કરનાર લક્ષ્મણજી કયાં છે ? યુધિષ્ઠિર પ્રમુખ સારા સારા રાજાઓ પણ કાળને શરણ થયા છે. (કોઈની સાથે પૃથ્વી ગઈ નહિ, પણ હે મુંજ ! તે તારી સાથે તો આવશે.

આ શ્લોકની મુંજ રાજા પર ભારે અસર થઈ. આપણે પણ આ દૃષ્ટાંતથી સમજવાનું છે કે-સંસારના પદાર્થો-વસ્તુઓમાંથી કોઈ પણ સાથે આવનાર નથી તો તે માટે અનેક પાપો કરતાં આપણે અટકવું જોઈએ.

આપણી આજીવિકા અને આશ્રિતના ભરણપોષણ માટે ધનની જરૂર છે. ધન સાધન તરીકે યોગ્ય છે, પણ ધનની ખાતર જ જેઓ ધન એકઠું કરે યા કરવા પ્રયત્ન કરે છે, તેઓ ધનથી મળતું સુખ પણ ભોગવી શકતા નથી, તેઓમાં દાનવૃત્તિ પ્રકટતી નથી, તેમજ પોતાના માટે પણ તેનો યોગ્ય ઉપયોગ પણ કરી શકતા નથી. કારણ તેઓ ધારે છે કે ધન વાપરવાથી ખૂટી જશે. આવા માનવાની સ્થિતિ ભ્રમર જેવી થાય છે-
**મધુ સંચય કરી મરી રહ્યો, ભ્રમર કેવળ અજાણ,**
**ના દીધું ના ભોગવ્યું, નાહક ખોયા પ્રાણ.**

"वक्रवृत्तिं समालंब्य वंचकैर्वंचितं जगत्" બગલા જેવી વૃત્તિ રાખી માયાવી પુરુષોએ આખા જગતને ઠગ્યું છે. આખા જગતને છેતરવા જતાં તેમણે પોતાના આત્માને જ છેતર્યો છે અને તેથી વાસ્તવિક રીતે પોતાનું જ અહિત કર્યું છે, માટે લોભવૃત્તિનો ત્યાગ કરવા ઉદારતાનો પાઠ શીખવો જોઈએ. તે માટે નીચેનું દૃષ્ટાંત માર્ગદર્શક થશે.

'દુનિયામાં લોભને થોભ નથી' એ કહેવત અનુસાર એક જુગજૂના જમાનામાં એક અતિશય લોભી શ્રીમંત શેઠ હતા. નિંદ્ય પાપો અને કુકર્મો કરી સોનું-ઝવેરાત-રૂપીઆ વિગેરે ઘણું ધન તેણે એકઠું કર્યું હતું. પણ તેમને 'ચમડી તૂટે પણ દમડી ન છૂટે.' અત્યંત લોભના કારણે શેઠે સીત્તેર વર્ષની ઉમરે પણ વધુ લક્ષ્મી સંપાદન કરવા વેપાર માટે પરદેશ ખેડવા ઈચ્છા કરી. પોતાનો વેપાર તૂટી જાય, એવા ભયે શેઠે "પોતે રસ્તાનો જાણકાર છે, માટે સાથે કોઈને લેવાની પણ જરૂર નથી." એમ વિચારી એકલા જ નીકળી પડ્યા. જંગલનો ઘનઘોર રસ્તો, ઉનાળાનો દિવસ, ને બેસુમાર ગરમી હોવાથી સાથે એક મોટો પાણીથી ભરેલો ઘડો પણ લઈ લીધો હતો, તથા વેપાર માટે કિંમતી રત્નો પણ શેઠે સાથે લીધાં જ હતા.

સવારના નવ-દશ વાગ્યાનો સમય હતો. હજી થોડું જ જંગલ વટાવ્યું હતું. પણ અસહ્ય ગરમી લાગવા માંડી. અસહ્ય ગરમી લાગવાથી શેઠે થોડું થોડું પાણી પીવા માંડ્યું. થોડું થોડું પાણી પીતાં પીતાં તો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાર વાગ્યામાં પાણી સાવ ખલાસ થઈ ગયું. શેઠ તો ઘણાં જ આકુળવ્યાકુળ થવા લાગ્યા. પાણી માટે ચોતરફ ફાંફાં મારે છે, પણ કોઈ સ્થળે પત્તો લાગ્યો નહિં. કંઠે પ્રાણ આવવા લાગ્યા. શેઠે વિચાર્યું કે થોડા જ વખતમાં હવે મારા પ્રાણ ઊડી જશે. અનેક ભયંકર પાપો કરી એકત્રિત કરેલી મારી લક્ષ્મી બીજા ભોગવશે, જ્યારે પાપ તો મારે જ ભોગવવું પડશે. હવે શું થાય? શું કરું? ક્યાં જાઉં? એટલામાં જ શેઠશ્રીના પ્રાણ ઉડી ગયા. શબ તો ત્યાં ને ત્યાં જ પડી રહ્યું. ત્રણ ત્રણ દિવસથી માંસ ખાવા મળ્યું ન હતું એવો એક શિયાળ ત્યાં આવી પહોંચ્યો. તે ભૂખ્યો હતો તેથી માનવનું શબ જોઈ ખુશ થઈ ખાવા માટે તૈયાર થઈ ગયો. એટલામાં તે શેઠજીના ગામનો એક બ્રાહ્મણ ત્યાં થઈને પસાર થયો. શબને જોતાં જ તેણે ઓળખી લીધું કે આ તો મારા ગામના શેઠ, કંજુસના કાકા, દરિદ્રના તો દાદા, પાપીઓના તો સરદાર એ જ!

हस्तौ दानविवर्जितौ श्रुतिपुटौ सारश्रुतिद्रोहिणौ
नेत्रे साधुविलोकनेन रहिते पादौ न तीर्थंगतौ ।
अन्यायार्जितवित्तपूर्णमुदरं गर्वेण तुंगं शिरो
रे रे जम्बुक ! मुञ्च मुञ्च सहसा नीचस्य निन्द्यं वपुः ॥

એ બ્રાહ્મણ ભૂખ્યા શિયાળને કહે છે—હે શિયાળ! તું આ શબને છોડી દે છોડી દે.

**શિયાળ:**—હું બહુ જ ભૂખ્યો છું. મારા દુશ્મન થઈને આવા વખતે મને શા માટે અટકાવો છો? મારું ભક્ષ્ય મને મળ્યું છે તો કૃપા કરીને મને ખાવા દો.

**બ્રાહ્મણ:**—ભાઈ આ નીચ માણસનું શબ છે. તારા માટે ખાવા લાયક નથી.

**શિયાળ:**—હું બધું નહિ ખાઉં. ફક્ત એના હાથ ખાઈ ચાલ્યો જઈશ. બસ!

**બ્રાહ્મણ:**—'हस्तौ दानविवर्जितौ.' એના હાથે ય સારા નથી. એ શેઠ માત્ર દાન લેવાનું જ શિખ્યો હતો, પણ આપવાનું નહિ. તેણે પોતાના હાથે કાંઈ પણ દાન કર્યું જ નથી. બીજાનું કોઈ દિ ભલું કર્યું નથી. બીજાનું ઉડાવવામાં ને તફડાવવામાં જ એ સમજતો. રાંડીરાંડો, ગરીબો અને પશુઓને રંજાડવામાં ને મારવા-પીટવામાં જ એણે પોતાના હાથનો ઉપયોગ કર્યો છે. પરદ્રોહના પાપે એના હાથ લોહીવાળા બન્યા છે, માટે તું તેને ખાઈશ મા. એ નાપાક હાથ ખાઈશ તો તું પણ નાપાક બની જઈશ.

**શિયાળ:**-ઠીક તો હું એના કાન ખાઉંને?

**બ્રાહ્મણ:**—'श्रुतिपुटौ सारश्रुतिद्रोहिणौ' એના કાન પણ સારા નથી. એણે તો પોતાના કાનથી સદુપદેશનું કદિ શ્રવણ કર્યું નથી. દુનિયાની ગંદી, ભૂંડી, કે ખટપટી વાતો, નાટક-સિનેમાના ગાયનો, વેશ્યાદિના ગાયનો અને એમના નાચોના થનથનાટ સાંભળવામાં એના કાને ઘણો જ રસ લીધો છે.

**શિયાળ**—ઠીક ત્યારે આંખો ખાઉં તો કાંઈ વાંધો છે?

**બ્રાહ્મણ:**—'नेत्रे साधुविलोकनेन रहिते' એણે પોતાની આંખોથી પવિત્ર, સદ્ગુણી, ત્યાગી સાધુ-સંતો, તપસ્વીઓ કે પરમાત્માની મૂર્તિ આદિના દર્શન પણ કદિ કર્યાં નથી. એની આંખોમાં હંમેશા કામવિકાર ભરેલો રહેતો. પરસ્ત્રી પર કુદૃષ્ટિ કર્યા કરતો. ગુસ્સો પણ એની આંખમાં વાતવાતમાં સળગી ઉઠતો. જેને તેને એ આંખો કાઢીને ડરાવતો. અને બીજા ઉપર રૂઆબ જમાવવા તે કોશિષ કરતો હતો.

**શિયાળ:**—ત્યારે તો હું હવે પગ ખાઉં?

**બ્રાહ્મણ:**—'पादौ न तीर्थंगतौ' આધ્યાત્મિક પવિત્રતાથી ઉજ્જવળ અને જ્યાં જવાથી સંસારસમુદ્ર તરાય એવા તીર્થોમાં તેનો પગ કદિ પડ્યો નથી. એવા તીર્થોનું સુપવિત્ર વાતાવરણ કે સત્સમાગમ પરમાત્મા પ્રત્યે ભક્તિ જગાડવામાં કે કલ્યાણની ભાવના ખિલવવામાં પ્રેરક અને ઉપકારક થાય છે પણ શેઠજી તીર્થયાત્રા માટે કદિ ભાવનાશીલ પણ બન્યા ન હતા. ગામમાં પણ કદિ પરમાત્માના મંદિર વિગેરેમાં પ્રવેશ કરતો નહિ. ત્યાં જવાનું કોઈ

For Private And Personal Use Only

કંઈ તો તે કહેતો કે પગ ખડ તૂટે છે, શક્તિ ઘટી છે. કામે જતાં રસ્તામાં મંદિર આવે, તો પણ બે ડગલાં ચાલી અંદર જવું ગમતું નહિ. પૈસા ભેગા કરવા તે જ્યાં ત્યાં ઘૂમતો, વિલાસ માટે નાટક-સિનેમા કે વેશ્યાવાડે પણ જતો, પરંતુ પરોપકારના કાર્ય માટે એણે પોતાના પગ ચલાવ્યા નથી, માટે તેના પગ પાપી છે, જેથી તું પગને પણ ન ખાઈશ.

શિયાળ:-કાન ના ખાઉં, પગ ન ખાઉં, આંખ ન ખાઉં, તો હવે તેનું પેટ તો ખાઈ શકું ને?

બ્રાહ્મણ:-'अन्यायार्जितवित्तपूर्णमुदरम्' એના પેટનું તો પૂછવું જ શું? એના પેટમાં કેવળ અન્યાયનું જ અનાજ પડ્યું છે. ધનસંગ્રહ કરવા પાછળ તેણે ન્યાયનું ખૂન કરવામાં જરાયે આંચકો ખાધો નથી. 'ભજ કલદાર' મંત્રના એ ઉપાસક ચાલાકબાજ સજ્જને કુટિલ સાધનો અને યુક્તિઓથી માયાવી કમાઈના ધંધા કરવામાં કંઈ કચાશ રાખી નથી. એ પેટભરા જાલિમે વ્યાજવટાવ, આડત આદિના ધંધામાં ગરીબ-રંક-દીન-દુઃખીયાઓની ગર્દનને નિર્દયપણે રહેંસી નાખી છે. આમ પાપાચરણદ્વારા નાપાક લક્ષ્મીનો હલાહલ રસ પીને એણે પોતાના ઉદરને નાપાક બનાવ્યું છે.

શિયાળ:-સારું ત્યારે, તો પછી માથું તો ખાઉં ને?

બ્રાહ્મણ:-'गर्वेण तुङ्गं शिरः' માથું પણ એનું સારું નથી. ઉન્માદથી-અભિમાનથી ઉચ્ચ અને અક્કડ રહેતું એનું મસ્તક કોઈની આગળ નમ્યું નથી. ગર્વભરી ડંફાસ મારતો, પરમાત્માના મંદિરમાં કે પવિત્ર સદ્‌ગુણી મહાત્માઓની સામે પણ ન નમતાં તે અક્કડ જ રહેતો. એવી બેશરમ ઉદ્ધતાઈમાં એની નફટાઈનું હાસ્ય પ્રદર્શિત થતું. પણ એ મદાંધને તે નહોતું દેખાતું, માટે હે શિયાળ! આ આખું શરીર નાપાક છે. એના શરીરનો એક પણ ભાગ ખાવા લાયક જ નથી. વિવેક કમ હતો છતાં એ શિયાળે અલ્પજ્ઞ ગૂઢરથી એવા એ બ્રાહ્મણની શિખામણને માન્ય કરી, 'તથાસ્તુ' કહી શબને અડ્યા વગર તે રસ્તે પડ્યું.

સંસારભરના સર્વે પ્રાણીઓને સુખ ગમે છે અને દુઃખ ગમતું નથી. એ પોતાના અને બીજાના અનુભવથી સર્વ સમજી શકે છે. સુખને જ માટે વિચારતા, દોડતા અને પરિશ્રમ ઉઠાવતા પણ વાસ્તવિક રીતે દુઃખ માટેની જ મહેનત કરનારા એ અજ્ઞાન પ્રાણીઓને આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રિવિધ તાપને ટાળવા માટે **વિવેક નિર્મળ શીતલ પાણી સમાન છે. તે ખરેખર સાચી શીતળતા અર્પે છે.**

લક્ષ્મીથી કંઈ સારું ફળ ન આવતું હોવાથી વિચક્ષણોએ તેને અસાર કહી છે, માટે તેનો અતિલોભ તો ત્યાજ્ય જ છે. સાધનસંપન્ન માનવે ઉદારતા પ્રગટાવી પ્રાપ્ત લક્ષ્મીનો સદુપયોગ કરવો જોઈએ. **વિષયવિલાસ માટેનો વ્યય નહિ પણ સન્માર્ગે-ધર્મમાર્ગે કરેલો વ્યય એ જ લક્ષ્મીનો સદુપયોગ અને તેનું વશીકરણ છે. 'ઉદારતા અને સંતોષ' એ બે દૈવી ગુણોદ્વારા લોભ ઉપર વિજયપતાકા ફરકાવી શકાય છે, માટે કલ્યાણકામી આત્માએ આ બે ગુણો અવશ્ય વિકસાવવા યોગ્ય છે. દુષ્ટ કાળ કરાળ પિશાચની દૃષ્ટિ જ્યાં જરા વાંકી થઇ ત્યાં ગમે તેવાનું પણ કંઈ ચાલતું નથી. આપણે આપણા શરીરના અંગોપાંગોના અને લક્ષ્મીના સદુપયોગ અને દુરુપયોગનો પૂરો ખ્યાલ રાખવો જોઇએ. કુકર્મ કરવા માટે આ શરીર નથી પણ સત્કર્મ કરવા માટે આ માનવ-શરીર છે, તો ઉપયોગી, દુર્લભ અને કિંમતી એવા મળેલા માનવદેહનો દુરુપયોગ ન થવા પામે તે માટે જ્ઞાનીની આજ્ઞા** મુજબ જ જીવન ઘડવાનું સુજ્ઞ પુરુષે પસંદ કરવું જોઇએ, એ જ એક મંગલકામના.

તાજેતરમાં જ બહાર પડેલી **બારવ્રતની પૂજા-સાર્થ** અવશ્ય મંગાવો મૂલ્ય પાંચ આના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પારિભાષિક શબ્દ–વિવરણ

## ચતુષ્ક (ચાર) સંખ્યા

સંગ્રા૦ શ્રી ડાહ્યાભાઇ મોતીચંદ વકીલ–સુરત

શ્રી ડાહ્યાભાઇ મોતીચંદ આપણા માસિકના ઘણા જૂના અને અનુભવી લેખક છે. તેઓના ઘણા પ્રશ્નોત્તરો આપણા માસિકમાં પૂર્વે છપાયેલા છે. તેમનો ત્રિક(ત્રણ)ની સંખ્યા સુધીનો સંગ્રહ પણ પૂર્વે પ્રગટ થઇ ગયો છે. ત્યારબાદ તેમણે આ લેખમાળા હમણાં શરૂ કરી છે, જેમાં ક્રમેક્રમે ચાર, પાંચ, છ વિગેરે સંખ્યાનો સંગ્રહ પ્રસિદ્ધ કરવામાં આવશે.

**વિકથા**—સ્ત્રીકથા, રાજકથા, દેશકથા, ભક્તકથા
કષાય—ક્રોધ, માન, માયા, લોભ (ચંડાળ ચોકડી)
ધ્યાન—શુક્લધ્યાન, ધર્મધ્યાન, આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન.
પુરુષાર્થ—ધર્મ, અર્થ, કામ, મોક્ષ
ભાવના—મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ
હઠ—સ્ત્રીહઠ, બાળહઠ, રાજહઠ, યોગીહઠ
ગતિ—દેવ, મનુષ્ય, તિર્યંચ, નારકી
શિક્ષાવ્રત—સામાયક, દેશાવગાસિક, પૌષધ, અતિથિ-સંવિભાગ.
સંઘ—સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા
યુગ—સત્ય, ત્રેતા, દ્વાપર, કલિ
નિક્ષેપ—નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ
ધર્મ—દાન, શિયળ, તપ, ભાવના
પ્રતિમા શાશ્વત—ઋષભ, ચંદ્રાનન, વારિષેણ, વર્ધમાન
દાન—જ્ઞાનદાન, અભયદાન, વસ્ત્રદાન, અન્નદાન
સવારના પચ્ચખાણો—મૂઠસિ, નોકારશી, પોરસી, સાઢપોરસી.
વાંચનાઓ—વાંચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા.
અનાચાર—અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર
આહાર—અસન, પાન, ખાદિમ, સ્વાદિમ
દિશા-વિદિશા—ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ, ઇશાન, અગ્નિ, નૈરૃત્ય, વાયવ્ય
નીતિ—શામ, દામ, દંડ, ભેદ
અભક્ષ્ય વિગય—માંસ, મદિરા, માખણ, મધ
દેવતાઓ—ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક
અનુયોગ—ચરણકરણાનુયોગ, ધર્મકથાનુયોગ, દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ.
આશ્રમ—બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ, સંન્યસ્થ
જાતિ-વર્ણ—બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, શૂદ્ર
અવસ્થા—દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ
અદત્ત—સ્વામીઅદત્ત, જીવઅદત્ત, તીર્થંકરઅદત્ત, ગુરુઅદત્ત.
સ્ત્રી—પદ્મિની, શંખિની, હસ્તિની, ચિત્રિણિ
પુણ્યના(કર્મના)પ્રકાર—પુણ્યાનુબંધીપુણ્ય, પાપાનુબંધીપુણ્ય, પુણ્યાનુબંધીપાપ, પાપાનુબંધીપાપ
હત્યા—બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા, બાળહત્યા, ગૌહત્યા
અનંતચતુષ્ક—અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતસુખ
ધ્યાન—પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીત
ધર્મધ્યાનના ચાર પાયા—આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય, સંસ્થાનવિચય
વેદના—તાડન, મારન, છેદન, ભેદન
વેદ—રૃગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ
પ્રમાણ—આગમ, ઉપમા, અનુમાન, પ્રત્યક્ષ
બુદ્ધિ—ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મણકી, પરિણામકી
ગ્રંથના વિભાગ—મંગળ, અભિધેય, સંબંધ, પ્રયોજન
મતિજ્ઞાનના ભેદો—અવગ્રહ, ઇહા, અપાય, ધારણા
ચતુરંગી સેના—હાથી, ઘોડા, પાયદળ, રથ
પિંડવિશુદ્ધિ—આહાર, શય્યા, વસ્ત્ર, પાત્ર



For Private And Personal Use Only